રજૂ તારીખ : ૦૫/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૫/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૭/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૩.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૦/૨૦૨૬.**

**અરજદાર :–** **ભરતભાઈ સોમાભાઈ આહીર,**
રહેવાસી : ડુંગરી, પાના ફળીયા,
તાલુકો : મહુવા, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી સી. એ. કેદારીઆ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, મહુવા પોલિસ સ્ટેશન ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦–૩૧૨૬૦૧૩૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૧૮(૨) મુજબના ગુનાના કામે હાલના

અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી સી. એ. કેદારીઆની એવી રજૂઆત છે કે, હાલના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૧૮(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે હાલના ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. અરજદારે કહેવાતા ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. માત્ર શકના આધારે આરોપીને અટક કરવામાં આવેલા છે. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે. અરજદાર મજૂરી કરે છે અને તેઓ ઉપર પરિવારના ભરણપોષણની જવાબદારી છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૧૮(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદી તથા તેમના ઘરના સભ્યોએ અરજદારના પત્નીને ખોટી ચઢવણી કરતાં તેણી પિયર જતી રહેલ હોવા બાબતની અદાવત રાખી અરજદારે ફરિયાદીના ભાઇને લાકડાના ફટકા વડે મોઢાના ભાગે, ગાલના ભાગે તથા દાઢીના ભાગે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. આમ, અરજદારે

સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ સાહેદોને ફોડવાની કોશિશ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૧૮(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. બનાવની હકીકત જોઇએ તો, અરજદારના પત્ની પિયરમાં રહેવા ચાલી ગયેલ, તે અંગે અરજદાર ફરિયાદી તથા તેમના ઘરના સભ્યો ઉપર શક-વહેમ રાખતા હતા કે તેઓએ તેમના પતિનીને ખોટી ચઢવણી કરી પિયરમાં રહેવા મોકલી આપેલ અને આ બાબતે અરજદારે ફરિયાદી તથા તેમના ઘરના સભ્યો સાથે અવારનવાર ઝઘડા કરેલા. આ બાબતની અદાવત રાખી અરજદારે ફરિયાદીના ભાઇ મહેશભાઇને નાલાયક ગાળો આપેલ, ઢીકમુક્કીનો માર મારેલ, જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને અરજદારે પોતાની પાસેના લાકડાના ફટકા વડે મહેશભાઇને મોઢાના ભાગે, ગાલના ભાગે તથા દાઢીના ભાગે માર મારતાં લોહી નીકળેલ. ફરિયાદ તથા પોલિસ તપાસના કાગળો જોતાં જણાઇ આવે છે કે, બનાવમાં ફરિયાદીના ભાઇને ઇજા થતાં તેઓ લોહીલુહાણ થઇ ગયેલા અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે પ્રથમ બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં લઇ જવામાં આવેલ અને ત્યાર બાદ સુરત ખાતે સુદીપ હોસ્પિટલ રીફર કરવામાં આવેલા. આ બનાવમાં ફરિયાદીના ભાઇને ૩૫ જેટલા ટાંકાઓ લેવામાં આવેલા તથા મલ્ટીપલ ફ્રેકચર થયેલ. પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં અરજદારે ફરિયાદીના ભાઇને ગંભીર ઇજાઓ પહોંચાડેલ હોવાનું

જણાઇ આવે છે. તપાસ દરમ્યાન આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ લાકડાનો ફટકો કબજે કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં આરોપીની સદર ગુનામાં સંડોવણી હોવાનું અને સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું પ્રથમદર્શને જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ મહત્વના તબક્કામાંથી પસાર થઇ રહેલ છે. વળી, આ કામના ફરિયાદી તથા આરોપી ડુંગરી ગામમાં એક જ ફળીયામાં રહેતાં હોવાથી જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ સાહેદોને ડરાવે-ધમકાવે અથવા ફોડવાની કોશિશ કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનાના કામની ભૂમિકાને ધ્યાને લેતાં આરોપીને જામીન મુક્તિનો લાભ આપવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી ભરતભાઇ સોમાભાઇ આહીરની હાલની ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૧૯૦/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૭ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૭/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01594